**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૬ ટકા ● સાંજે ૮૩ ટકા

## આજે ગાંધીનગરમાં

**ધાર્મિક**

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા મહેશભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન જે-૧૬, ગ્રીનસીટી ખાતે રાત્રે ૯ કલાકે શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા જગદીશભાઈ ઓઝાના નિવાસસ્થાન ૧૪૬૨/૨, સે-૩-સી ખાતે રાત્રે ૮.૩૦ કલાકે શિવ રૂદ્રાભિષેક અને શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● રંગ અવધૂત પરિવાર સે-૨૮ દ્વારા રાત્રે ૮.૧૫ કલાકે જનકભાઈ ટાટરીઆ દ્વારા લઘુરૂદ્ર યોજાશે.

● ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા સે-૨૨ જૈન દેરાસર ખાતે સવારે ૮.૪૫ કલાકે કલ્પસૂત્ર વાંચન થશે.

**સામાજીક અને સાંસ્કૃતિક**

● ૧૦૮ ઈમરજન્સી સેવાની સફળતાને બાર વર્ષની ઉજવણી સે-૧૨ સિવિલ કેમ્પસ જીએમઈઆરએસ મેડિકલ કોલેજના ઓડિટોરીયમ ખાતે બપોરે ૧ વાગ્યે યોજાશે.

# ગણપતિ આયો બાપ્પા....







'ગણપતિ આયો બાપ્પા, રિધ્ધિ સિધ્ધિ લાયો રે' આ પંકિતઓ તમને યાદ આવ્યા વિના નહી રહે જયારે આજકાલના શહેરના બજારોની મુલાકાતે જશો ત્યારે ખૂબ જ ઝડપથી રાષ્ટ્રભરમાં લોકપ્રિય તહેવાર બની ગયેલા ગણેશ ઉત્સવના આગમને જૂજ દિવસો બાકી રહ્યા છે અને આયોજકોએ ધૂળ ખંખેરી પંડાલો ઉભા કરવાની તૈયારીઓ આરંભી દીધી છે ત્યારે શહેરમાં ગણપતિજીની મૂર્તિઓનું પણ આગમન થઈ ચુકયું છે. આ મૂર્તિઓ ૧ ફુટથી માંડીને ૬ ફુટ સુધીની હાલ રૂ. ૫૦૦થી રૂ. ૧૨૦૦ સુધીની કિંમત ધરાવતી મૂર્તિઓ જોવા મળી રહી છે. વળી, આ મૂર્તિઓ શ્રધ્ધાળુઓની અપેક્ષા મુજબ ગણપતિના વિવિધ સ્વરૂપોમાં જેવા કે બંસી બજાવતા, સિંહાસન પર કે મોતીના સીપમાં બિરાજમાન ચતુર્ભૂજ તેમજ રિધ્ધિ-સિધ્ધિ સાથેના આ ગણેશજીની મૂર્તિઓ જોઈને ખ્યાલ આવે છે કે શા માટે અત્યારના ભણેલા ગણેલાઓ ગણપતિને 'ડિઝાઈનર ગોડ' કહે છે.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

● મિશન મંગલ
૯.૦૦, ૧૧.૦૦, ૧૨.૦૦, ૨.૫૦, ૪.૫૦, ૫.૪૦, ૭.૪૦, ૮.૩૦, ૧૦.૩૦
● બાટલા હાઉસ
૧૦.૦૦, ૧૧.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
● મોન્ટુ ની બિટ્ટુ (ગુજરાતી)
૨.૩૦, ૧૦.૧૫
● ધ એંગ્રી બર્ડ્સ મુવી-૨
૩ડી હિન્દી-૯.૧૫, ૧૧.૩૦, ૧.૪૫, ૬.૧૫, ૮.૩૦

**સિટી પલ્સ ફુડાસણ**

● મિશન મંગલ
૧૨.૩૦, ૩.૦૦, ૭.૧૫, ૧૦.૦૦
● બાટલા હાઉસ
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
● મોન્ટુ ની બિટ્ટુ (ગુજરાતી)
૬.૩૦
● ધ એંગ્રી બર્ડ્સ મુવી-૨
૨-ડી હિન્દી ૫.૩૦
● ચાલ જીવી લઈએ
૧૨.૩૦
● ચાસની (ગુજરાતી)
૩.૩૦, ૯.૩૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

● મિશન મંગલ
૧૦.૦૦, ૧૧.૦૦, ૧૨.૪૫, ૧.૪૫, ૩.૩૫, ૪.૩૫, ૬.૨૫, ૭.૨૫, ૯.૧૫, ૧૦.૧૫
● બાટલા હાઉસ
૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫, ૧૦.૧૫
● મોન્ટુ ની બિટ્ટુ (ગુજરાતી)
૯.૪૫, ૬.૨૫, ૯.૧૫
● ધ એંગ્રી બર્ડ્સ મુવી-૨
૩ડી હિન્દી ૯.૦૦, ૧.૧૫, ૩.૩૦, ૮.૦૦

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

● મિશન મંગલ
૧૦.૩૦, ૧.૩૦, ૩.૦૦, ૪.૩૦, ૭.૩૦, ૯.૦૦, ૧૦.૩૦
● બાટલા હાઉસ
૧૦.૦૦, ૧.૧૦, ૪.૨૦, ૭.૩૦, ૧૦.૪૦
● ચાસની (ગુજરાતી)
૯.૪૫
● મોન્ટુની બિટ્ટુ (ગુજરાતી)
૧૨.૦૦, ૬.૦૦
● ધ એંગ્રી બર્ડ્સ મુવી-૨
હિન્દી ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૦૦, ૫.૧૫, ૭.૩૦

## સેકટર-૩ ન્યુમાં વધુ એક વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના સેકટર-૩ ન્યુમાં ફરી એકવાર વસાહતીઓ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. સેકટરના ક્રિકેટ મેદાનની સામેના ખુલ્લા ભાગમાં રહીશોએ વિવિધ પ્રકારના મોટા ઝાડ થાય તેવા રોપાઓનું વાવેતર કરી તેને ઉછેરવાનો સંકલ્પ કર્યો હતો.

પાટનગરને ફરી એકવાર 'હરિયાળું શહેર'નું બિરૂદ મળે તેવી સરેરાશ તમામ શહેરીજનની ખેવના જોવા મળી રહી છે. આ ખેવના પાછળ ગ્લોબલ વોર્મિંગ અને કલાઈમેટ ચેન્જ જેવી વકરતી જતી



પર્યાવરણીય સમસ્યાઓને પગલે વધી રહેલી જનજાગૃતિ પણ જવાબદાર છે. આ વર્ષે શહેરમાં નોંધપાત્ર સંખ્યામાં વૃક્ષારોપણ થવા પામ્યુ છે. શહેરના વોર્ડ નં.૮માં સમાવિષ્ટ સેકટર-૩ ન્યુમાં પણ ફરી એકવાર જાગૃત રહીશો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન સ્થાનિક વસાહતી મંજુલાબેન તબિયાર અને શ્વેતા તબિયાર દ્વારા કરવામાં આવ્યું હતું. જેને સ્થાનિક નગરસેવક પાયલબેન મેણાત દ્વારા સહકાર પુરો પાડી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વૃક્ષારોપણમાં લીમડાં, ગુલમહોર, સેવન જેવા ઘટાદાર વૃક્ષો બની શકે તેવા રોપાનું વાવેતર કરાયું હતું અને તમામ રોપાંઓને ટ્રી ગાર્ડ દ્વારા સુરક્ષા પુરી પાડવામાં આવી હતી. વસાહતીઓએ પણ આ પ્રસંગે ઉમળકાભેર વૃક્ષારોપણ કાર્યમાં જોડાઈ વાવેલા રોપાઓને જતનથી ઉછેરી વૃક્ષ બનાવવાનો નિર્ધાર વ્યકત કર્યો હતો.

# વિધાનસભામાં કર્મચારીઓના વાહન ઉપર "પાર્કિંગ પાસ નહીં તો પ્રવેશ નહી"

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાં વિધાનસભા અને નવા સચિવાલય ખાતે લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સચિવાલયના તમામ પ્રવેશદ્વાર પર ખડેપગે જવાન જોવા મળે છે. ત્યારે નવા સચિવાલય અને વિધાનસભા સહિતની વિવિધ કચેરીઓમાં નોકરીઅર્થે આવતા અધિકારી-કર્મચારીઓના વાહનની સુવિધા અને સલામતી માટે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વ્યકિતદીઠ એક પાસ ઈશ્યુ કરવામાં આવ્યો છે. તેમ છતા વિધાનસભા પાર્કિંગમાં વાહનમાલિકો વાહનપાસને નિયમ મુજબ લગાવતા નથી, તે ઉપરાંત રંગીન ફોટો કોપી કે ઝેરોક્ષ કઢાવીને એક કરતા વધુ વાહનો પર ચીપકાવવી, અને અન્ય નાગરીકોને પણ તેની નકલ અપાતી હોવાનું સલામતીનો ભંગ થતો હોવાનું નજરે પડ્યું છે. જેથી હવે વિધાનસભા ઉપ સચિવે પરિપત્ર બહાર પાડીને અધિકારી-કર્મચારીઓને પાર્કીંગ પાસના નિયમોનું કડક પાલન કરવા જણાવ્યું છે. પાર્કીંગના પાસ મુદ્દે કરાયેલી તાકીદમાં મુખ્યત્વે જે વાહન માટે પાર્કીંગ પાસ અપાયો હોયતે વાહન પર પાસ લાગવવો, પાસ દેખાત તે રીતે આગળના ભાગે તેમજ ગાડીઓમાં કાચ પર ચોંટાડવાનો રહેશે, પાસની ફોટો કોપી કે ઝેરોક્ષ કરાવીને એક કરતા વધુ વાહનો પર લગાવવો તે સલામતીની દ્રષ્ટ્રિએ ગંભીર સજાપાત્ર ગુનો બને છે, અધિકારી-કર્મચારી અગમ્ય કારણોસર પાસ વિનાનું વાહન લઈને આવશે તો તે વાહન બહાર પાર્ક કરવાનું રહેશે, પાસ સાથેનું વાહન પાર્કીંગમાં અડચણરુપ ના થાય તે રીતે પાર્ક કરવાનું રહેશે, વાહન પાર્કિંગ પાસ સિવાયના વાહનો સચિવાલય સંકુલમાં દેખાશે તો વાહનો લોક મારીને દંડ વસુલ કરવામાં આવશે. ત્યારે હવે ગુજરાતના સામાન્ય નાગરીકની સાથે સચિવાયલ સંકુલમાં ફરજ બજાવતા અધિકારી કર્મચારીઓની ગાડી કે વાહન પર પાસ હશે તો જ વિધાનસભા-સચિવાલય સંકુલમાં પ્રવેશ કરી શકશે નહીં.

## દારૂની રેડમાં બુટલેગર ફરાર થશે તો ઈન્કવાયરી થશે

આ સ્થળે દારૂનું ખુલ્લેઆમ વેચાણ થાય છે, તેવી બાતમી પોલીસના જવાનોને પહેલેથી મળી રહે છે. તેમ છતા કેટલાક કિસ્સામાં દારૂનું વેચાણ કરતા બુટલેગર ફરાર થઈ જાય છે. આ પ્રકારના કેસમાં હાઈકોર્ટ દ્વારા ચુકાદો આપવામાં આવતા સમયે પોલીસની ટીકા કરી ગંભીર નોંધ લેવાય છે. જેમાં હાઈકોર્ટ દ્વારા મોટાભાગની દારૂની ફરીયાદોમાં પોલીસને અગાઉથી જ આરોપીના નામ, સ્થળ, વાહન નંબર સહિતની ચોક્કસ બાતમી હોવા છતા રેડ પાડવામાં આવે છે ત્યારે મોટાભાગના કિસ્સામાં મહિલા કે પુરૂષ બુટલેગર ફરાર થઈ ગઈ હોવાનું દર્શાવવામાં આવે છે. આ પ્રકારના કેસો ઉપર નિયંત્રણ ચોક્કસ કાર્ય પધ્ધતિ અપનાવવા માટે હાઈકોર્ટ દ્વારા અનેકવાર સુચન કરાયા છે. ત્યારે આ પ્રકારના કોઈપણ કેસમાં પૂર્વ બાતમી હોટ તેવા કિસ્સામાં રેડ દરમિયાન આરોપીઓ સ્થળ પરથી ભાગી જાય તો તેવા બનાવમાં ડીવાયએસપી કક્ષાના અધિકારીને ઈન્કવાયરી સોંપવાનો આદેશ કરાયો છે. ડીવાયએસપી કક્ષાના અધિકારી એફઆઈઆરની ઝીણવટભરી તપાસ કરીને જાતે સ્થળની મુલાકાત લઈને રેડ દરમિયાન પોલીસની કામગીરીની સમિક્ષા કરશે. જયારે સ્થળ પરથી ભાગી છુટેલા બુટલેગરના મોબાઈલ નંબરની કોલ ડીટેઈલની ચકાસણી કરીને તેનું લોકેશન પણ જાણવામાં આવશે. જેનો રિપોર્ટ તૈયાર કરીને કમિશનરેટ ખાતે નાયબ પોલસ કમિશનરને અથવા જિલ્લા ખાતે પોલીસ અધિક્ષકને સોંપવાનો રહેશે. ત્યારબાદ આ સમગ્ર કામગીરી વ્યવસ્થિત રીતે થઈ છે કે નહી તેનું મોનીટરીંગ પોલીસ કમિશનર અને રેન્જ આઈજીએ કરવાનું રહેશે.

## ઉર્જાનગર વિભાગ-૨ ખાતે બંધ મકાનમાં ચોરી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર રાંદેસણ નજીક આવેલા ઉર્જાનગર વિભાગ-૨ ખાતે રહેતો એક પરિવાર કામઅર્થે બહારગામ ગયો હતો. તે સમયે તેમના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ ઘરમાં ઘુસીને તમામ સામાન વેર-વિખેર કરી દીધો હતો. ઘરે પરત ફરેલા પરિવારે જોયું તો ઘરનું તાળુ તુટેલુ હતું અને ઘરનો દરવાજો ખુલ્લો હતો. જેથી પરિવારે તાત્કાલીક પોલીસને જાણ કરતા ઈન્ફોસીટી પોલીસ બનાવ સ્થળે પહોંચી ગઈ હતી અને તપાસ હાથ ધરી હતી. જો કે મકાન માલિકે ઘરમાં તપાસ કરતા ઘરમાંથી માત્ર એક હજાર રૂપીયાની મત્તાનો સામાન ગયો હતો. જેથી પરિવારના સભ્યોએ પોલીસ ફરીયાદ કરવાનું ટાળ્યું હતું. પરંતુ પોલીસે જાણવાજોગ અરજી લઈને તપાસ શરુ કરી છે.

## રવિવારે ડૉ. આંબેડકર હોલમાં 'મેરા રંગ દે બસંતી ચોલા' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના ઉગતા ગાયક કલાકારોને મંચ પુરું પાડી તેમની પ્રતિભાને નિખારવાની તક આપતી સંસ્થા શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિઓ સંચાલિત 'મેરી આવાઝ સુનો કરાઓ કે કલબ' દ્વારા આગામી તા. ૧લી સપ્ટેમ્બર રવિવારે રાત્રે ૮ કલાકે સેકટર-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે દેશભકિતના હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ 'મેરા રંગ દે બસંતી ચોલા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં શહેરના સંગીતપ્રેમી શ્રોતાઓને નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે જેનો લાભ લેવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે. કાર્યક્રમ અંગે વધુ માહિતી માટે શ્રવણકુમાર પરમારનો મો.નં. ૯૪૨૭૩ ૧૮૦૭૩ અથવા ભરત વાણિયાનો મો.નં. ૮૨૦૦૯ ૨૧૭૬૬ પર સંપર્ક સાધી શકાશે.

## આજે અને ૩૧મીએ માણસા ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા આગામી તા. ૨૯મી ઓગષ્ટના રોજ ગાંધીનગર અને તા. ૩૧મી ઓગષ્ટના રોજ માણસા ખાતે રોજગાર ભરતી મેળો અને એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર ખાતે તા. ૨૯ મી ઓગષ્ટના રોજ સવારના ૧૦.૩૦ કલાકે રોજગાર ભરતી મેળો અને એપ્રેન્ટીસ ભરતી મેળો બલરામ મંદિર પરિસર હોલ, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે યોજાશે. તા. ૩૧ મી ઓગષ્ટના રોજ સવારના ૧૦.૩૦ કલાકે રોજગાર ભરતી મેળો અને એપ્રેન્ટીસ ભરતી મેળો માણસા નગરપાલિકા કોમ્યુનીટી હોલ, માણસા-તખતપુરા રોડ, માણસા ખાતે યોજાશે.


આ મેળામાં ધોરણ-૧૦ પાસ, ધોરણ-૧૨ પાસ/નાપાસ, આઈ.ટી.આઈ.(તમામ ટ્રેડ), ડિપ્લોમા, ગ્રેજયુએટ થયેલા ઉમેદવારો તેમજ કોમ્પ્યુટર ઓપરેટર માટે કોમ્પ્યુટરના જાણકાર જેમ કે કોપા, બી.કોમ, બીસીએ ઉમેદવારો ભાગ લઈ શકશે. વધુ માહિતી માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગરનો સંપર્ક કરવા અને ઈચ્છુક ઉમેદવારોએ તેઓના બાયોડેટા, પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ તથા પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે ઉપસ્થિત રહેવા રોજગાર અધિકારી(જનરલ)એ જણાવ્યું છે.




'જહાં સોચ, વહાં શૌચાલય' આ સુત્ર દ્વારા ભારત સરકારે દેશભરમાં શૌચાલયોના નિર્માણનું અભિયાન હાથ ધર્યું હતું જે સફળ રહ્યું હોવાના દાવા પણ કરવામાં આવે છે. 'જયાં વાંચન હોય ત્યાં વિચાર' એટલે કે 'સોચ' વિકસે છે, પરંતુ અફસોસ કે રાજયના પાટનગરમાં જયાં 'મધ્યસ્થ ગ્રંથાલય' આવેલું છે તેની સામે જ વિકસાવાયેલા શૌચાલયને ઘણા સમયથી લાગેલા ખંભાતી તાળા ખૂલતાં જ નથી. લાયબ્રેરીમાં અસંખ્ય યુવાનો વાંચન કાર્ય માટે આવે છે તેમજ અહીં ચા-નાસ્તાની લારીઓ તથા પાન-મસાલાના ગલ્લાં પણ હોવાથી ઘણા ગ્રાહકોની અવરજવર રહે છે, જેઓને લઘુશંકા માટે પણ 'શૌચાલય' ખુલ્લું મળતું નથી છેવટે તેના કરવાજે જ 'કામ' પતાવી જતા રહે છે જેથી ગંદકીના થર જામ્યાં છે જે વાંચનાલયના વાચકો તથા કર્મચારીઓ માટે રોગચાળાનો ખતરો પેદા કરી રહ્યા છે.

# વકરેલો ઉપભોકતાવાદ આવનારી પેઢીના શોષણ સમાન

**જૈનાચાર્ય શ્રી ઉદયવલ્લભસૂરિ મ.સા.**



**પર્યુષણ પર્વ**

ગાંધીનગર, તા.૨૮

'કલ્પસૂત્ર એ ખરેખર તો કલ્પનાતીત સૂત્ર છે' એવું સેકટર-૨૨ ખાતે બિરાજમાન જૈનાચાર્ય શ્રી ઉદયવલ્લભસૂરિ મહારાજે જણાવ્યું હતું. કલ્પસૂત્રના પ્રારંભમાં આવતા દશ કલ્પ અંતર્ગત સાધુની ગોચરીચર્યા અંગે તેઓ જણાવે છે કે ગાય જે રીતે ચરે ગોચરી (ગો-ચરી) લેવાનું વિધાન છે.

ગાય હંમેશા ઉપર ઉપરથી ઘાસ ખાય. ગધેડો મૂળ સાથે ખેંચી કાઢીને ઘાસ ખાય. ગોચરી એક પ્રકારની ગ્રહણ પ્રક્રિયા છે. જે ઉપભોગનો વિવેક શીખવે છે. આ પ્રથા માત્ર સાધુ પૂરતી હોવા છતાં વિશ્વ સમસ્ત માટે પથદર્શક છે. થાળીમાં રહેલી ચાર રોટલીના સાધુ એક જ રોટલી ગ્રહણ કરે તે ગ્રહણ ઔચિત્યને દરેકે સ્વીકારવા જેવું છે અને જીવનના દરેક વ્યવહારમાં આચરવા જેવું છે.

જૈનો જેને ષટ્કાય તરીકે રક્ષણ યોગ્ય જીવ માને છે તેને આજે 'કુદરતી સ્ત્રોતો' તરીકે ઓળખવામાં આવે છે. પ્રકૃતિ ધરતી ઉપર બધું આપ્યા પછી શેષ ઘણું પોતાના પેટાળમાં સંચિત રાખે છે. હજારો વર્ષનો આ 'પ્રાકૃતિક પાતાળ સંચય' પાણી, પાષાણથી લઈ ખનિજો, તે સુધીનો છે. આ પૃથ્વીની ફિકસ્ડ ડિપોઝિટ્સ છે, કદાચ આવનારી પેઢી માટે. આજનો માનવી તેને બિફોર ક્યૂ ડેટ આડેધડ વટાવી રહ્યો છે. આ વકરેલો ઉપભોકતાવાદ એ આવનારી પેઢીનું શોષણ ના કહેવાય?

કોઈ નારી શોષણ સામે લડે છે, કોઈ બાળ શોષણ સામે લડે છે કોઈ ગરીબોના હક માટે લડે છે. હજારો વર્ષના સંગ્રહને દાયકાઓમાં વાપરી નાંખવાની વૃત્તિને આવનારી પેઢીનું શોષણ માની તેની સામે લડત ચલાવનાર છે કોઈ? માનવજાતે સાધુના ચારમાંથી એની રોટલી લેવાના ગો-ચરી વિવેકને અપનાવવો જરૂરી છે. નહીંતર, બેફામ માણસના હાથમાં રહેલી પૃથ્વીની પાસબુકની આડેધડ એન્ટ્રી રજવાડાની પૃથ્વીને નાદાર બનાવી દેશે.

## વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરના પ્રમુખપદે ડૉ. ભાવેશ મહેતાની નિમણુંક

ગાંધીનગર, તા.૨૮

શ્રી વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરના વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ના વર્ષ માટે ડૉ. ભાવેશભાઈ પ્રમોદચંદ્ર મહેતાની સર્વાનુમતે નિમણુંક થયેલ છે. જયારે હોદેદારોમાં મહામંત્રી કૌશિકકુમાર મુકુંદરાય રાવલ, ઉપપ્રમુખપદે ધર્મેન્દ્રભાઈ અંબિકાપ્રસાદ રાવલ, ચિરાગભાઈ પ્રવિણકુમાર રાવલ, મહેશભાઈ દશરથલાલ ઠાકોર, ભરતભાઈ કિશોરચંદ્ર દેસાઈ, આશિષભાઈ મુકેશભાઈ પંડિતની ખજાનચી પદે નિમણુંક થયેલ છે. આંતરિક ઓડિટર તરીકે નિખિલભાઈ પિયુષકાન્ત ભટ્ટ, હાટકેશ પાટોત્સવના કન્વીનરપદે મયંકભાઈ રજનીકાંત દવે, કારોબારી સભ્ય તરીકે બિંદ્રેશભાઈ બાબુલાલ રાવલ, વિનોદભાઈ રમણલાલ રાવલ તથા હેમંતભાઈ શિવકુમાર ભટ્ટ, રાજેન્દ્રભાઈ પોપટલાલ જોશી, ભરતભાઈ ગુણવંતરાય જહા, પ્રશાંતભાઈ જગદીશભાઈ મહારાજાની વરણી કરાયેલ છે. પરિવારની વેબસાઈટ પર વધુ જાણકારી માટે માહિતી પ્રદર્શિત કરેલ છે.

## ચિરવિદાય

● સ્વ. બારોટ તારાબેન સુરેન્દ્રકુમાર, ઉ.વ. ૬૫
● સ્વ. પ્રજાપતિ કસ્તુરભાઈ માધાભાઈ, ઉ.વ. ૫૬
● સ્વ. મકવાણા ધુળાજી વજાજી, ઉ.વ. ૫૫
● સ્વ. બારોટ હરીભાઈ સોમનાથ, ઉ.વ. ૬૯
● સ્વ. દંતાણી લીલાબેન ઈશ્વરભાઈ, ઉ.વ. ૬૫
● સ્વ. ઠાકોર મેઘાબેન ઈશ્વરજી, ઉ.વ. ૧૯